**નર્મદા કિનારે નારેશ્વર તીર્થધામનું પાંદડે પાંદડું, કણે કણ રંગ અવધૂતની તપસ્યાનું સાક્ષી છે. નારેશ્વરનાં દરેક વૃક્ષો આજે પણ એમને સાષ્ટાંગ પ્રણામ કરતાં હોય એમ જમીન સુધી ડાળીઓ ઝુકાવી ઊભાં છે. લીમડો પોતાની કડવાશ ભૂલી મીઠો બની ગયો છે.**

## દત્તભક્ત અને માતૃભક્ત

# શ્રી રંગ અવધૂત



પુણ્યતિથિ: ૧૯ નવેમ્બર

**નારેશ્વરના નાથ**

કનક શાહ

શ્રી રંગ અવધૂત મહારાજનો પ્રાદુર્ભાવ કારતક સુદ નોમ, વિક્રમ સંવત ૧૯૫૫ સને ૨૧-૧૧-૧૮૯૮ના દિને પંચમહાલ જિલ્લામાં આવેલ ગોધરા ગામમાં થયો હતો.

ગુજરાતમાં આવેલ નારેશ્વરના નિબિડ જંગલમાં દત્તોપાસના કરી, નારેશ્વરને તીર્થ બનાવ્યું. આ કળિયુગમાં પૈસાને સ્પર્શ સુધ્ધાં નહીં કરવાનો તેમનો આકરો નિયમ હતો. નારેશ્વર તીર્થધામનું પાંદડે પાંદડું, કણે કણ રંગ અવધૂતની તપસ્યાનું સાક્ષી છે. નારેશ્વરનાં દરેક વૃક્ષો આજે પણ એમને સાષ્ટાંગ પ્રણામ કરતાં હોય એમ જમીન સુધી ડાળીઓ ઝુકાવી ઊભાં છે. લીમડો પોતાની કડવાશ ભૂલી મીઠો બની ગયો છે. જેના એક હાથમાં ત્યાગ છે અને બીજા હાથમાં રાજ છે, પરંતુ એમને કોઇ જાતનાં સુખનો કે દુઃખનો વિકલ્પ સ્પર્શતો નથી.

'કોઇ દિન ગાડી, કોઇ દિન ઘોડા, કોઇ દિન પૈદલ ચલના.' એવી તેમની વૃત્તિ હતી.

એક ત્યાગી, વિદ્વાન અને બ્રહ્મચારી રંગ અવધૂત મહારાજે નવા-જૂનાનો સમન્વય કરી, ગુજરાત અને ગુજરાત બહાર દત્તોપાસનાનો ડંકો વગાડ્યો. પોતે મહારાષ્ટ્રીયન દક્ષિણી બ્રાહ્મણ હોવા છતાં ગુજરાતી ભાષા પર તેમનું અજબ પ્રભુત્વ હતું. ભગવાન દત્તાત્રેયના તથા દત્ત પરંપરાના અવતારી સંતપુરુષ શ્રી પાદ્ વલ્લભ, નૃસિંહ સરસ્વતી ગુરુ મહારાજની લીલા વર્ણવતો 'શ્રી ગુરુ લીલામૃત' નામનો ૧૯૦૦૫ દોહરાનો બૃહદ ગ્રંથ રચ્યો. 'દત્તબાવની' જેવા બાવન લીટીના સ્તોત્રની રચના કરી. દત્તબાવનીના પાઠ, ગાન કરવાથી પિશાચ પીડા, જીવનમાં આવી પડેલી આધિ, ઉપાધિ દૂર થાય છે.

પૂ.શ્રીના હૃદયના ઊંડાણમાંથી નીકળેલ કાવ્યોર્મિ 'અવધૂતી આનંદ' પુસ્તકમાં ભજનોનો સંગ્રહ છે. રંગ અવધૂત મહારાજનું હૃદય એટલે 'રંગ હૃદયમ્' પુસ્તક છે. શ્રીએ લખેલા કે એમના પર આવેલા પત્રનો 'પત્રમંજુસા' પુસ્તકરૂપે પ્રકાશિત થયું છે.



**'આપણે જાતે સુધરીએ, આપણા દોષો દૂર કરીએ તો સમાજ જરૂર સુધરશે'**

નર્મદા કિનારે તપ કરતાં કરતાં પોતાનાં માતૃશ્રીનાં ચરણોની સદા સેવા કર્યા કરી અને એ નિમિત્તે ગુજરાતનો દત્તભક્તિનો અને માતૃસેવાનો રંગ લગાડ્યો. આચારમાં જ માનનારા એ સંતરાજે સ્વાભાવિક રીતે જ ગુરુની આજ્ઞા માની પોતાના જીવન પ્રવાહમાં જે કંઇ આવી પડ્યું તેને પોતાના રંગે રંગી પ્રભુપ્રેરિત કાર્યને દીપાવ્યું. એથી જ તેઓનું સઘળું કાર્ય ઈશ્વરપ્રેરિત બની રહ્યું.

વિદ્યાર્થીકાળમાં આઝાદીની લડતમાં ગાંધીજીની હાકલ થતાં બી.એ.ના છેલ્લા વર્ષની છેલ્લી ટર્મ હોવા છતાં કોલેજ શિક્ષણનો ત્યાગ કરી આઝાદીની લડતમાં જોડાયા. સંત થયા પછી પણ નારેશ્વર ધામમાં રાઇફલ ટ્રેનિંગનો કેમ્પ રાખ્યો. પોતે રાઇફલનો ઘોડો દબાવી કેમ્પનું ઉદ્ઘાટન કર્યું.

પોતાની કોઇ નોંધ લે છે કે નહીં તેની પરવા કર્યા વિના જીવી ગયા. એમણે જે રસ્તો નક્કી કર્યો હતો તે માર્ગે નિર્ભિક શ્રદ્ધાપૂર્વક સામે પાણીએ તણાયા વિના તરતા રહ્યા. આજે પણ તેઓ સ્થૂળ દેહે નહીં હોવા છતાં જનસમાજની સેવા કર્યા કરે છે.

સમાજ સુધારણા અંગે તેઓ કહેતા કે 'આપણે જાતે સુધરીએ, આપણા દોષો દૂર કરીએ તો સમાજ જરૂર સુધરશે, કારણ કે સમાજ આપણા જેવા સુખી-દુઃખી વ્યક્તિઓનો જ બનેલો છે. આખી પૃથ્વી ઉપર ચામડું મઢી નહીં શકાય, જેને દઝાતું હોય તેણે જાતે જોડાં પહેરવાં રહ્યાં.' આવા સંતને તેમની પુણ્યતિથિ નિમિત્તે શત શત પ્રણામ. ■

**શ્રી રંગ** અવધૂતજીનાં દેવસ્થાનો ગુજરાતમાં રાજપીપળા પાસે તિલકવાડા પાસેના ઉમલ્લા ગામે, મહેસાણા હાઇવે પરના નંદાસણથી ૧૨ કિ.મી.ના અંતરે આવેલા લીંચ ગામે, સુરત પાસેના ઉકાઇ નજીક સોનગઢ ગામે તેમજ ગાંધીનગર સેક્ટર ૨૮ ખાતે રંગ અવધૂતજીનું દત્ત મંદિર આવેલું છે. આ સિવાય હરિદ્વારમાં ગંગાકિનારે આર્યનિવાસ ખાતે સમાધિ મંદિર પણ આવેલું છે. અવધૂતજીને ગુરુ દત્તાત્રયના અવતાર ગણવામાં આવતા હોવાથી દત્તાત્રય ભગવાનનાં મંદિરો ગિરનાર પર્વત પરની દત્તની ટ્રેક પર આવેલું છે. આબુ પર્વત પર ગુરુશિખર ખાતે દત્તાત્રયનાં પગલાં છે. તેમજ નર્મદાકિનારે નારેશ્વર ખાતે આવેલું રંગ અવધૂતજીનું મંદિર અને આશ્રમ ખૂબ જાણીતાં છે.